*Career Counselling and Development Centre*
**SAURASHTRA UNIVERSITY**
104, 1st Floor, Academic Centre, B/h. Central Bank of India.
Saurashtra University Campus, Rajkot-360 005
Ph. : 0281 - 2587144, ccdcsauni@yahoo.co.in

CCDC

Re-Accredited
Grade B by N A A C
(CGPA 2.93)

*Co-ordinator*
Dr. Nikesh A. Shah

Ref. :
Date : 17-04-2015

## પ્રેસનોટ

**કેરીયર કાઉન્સેલીગ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર (CCDC) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા**
**BANK Probationary officer પરીક્ષા માટેના તાલીમ વર્ગોનું આયોજન....**
**૨૫ મી એપ્રિલ થી શરૂ કરાશે.....**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું કેરીયર કાઉન્સેલીગ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર (CCDC) રોજગાર લક્ષી ટ્રેનિંગ માટે વિવિધ તાલીમ અવારનવાર આયોજન કરે છે. દર વર્ષે ૨ તાલીમ વર્ગો UPSC/GPSC માટે શનિવાર તથા રવિવાર ૨ કલાક રેગ્યુલર બેઇઝસ પર ચલાવવામાં આવે છે. તાજેતરમાં યોજનારી ગુજરાત નાયબ મામલતદાર પરીક્ષા માટેની તાલીમમાં ૧૦૦ વિદ્યાર્થીઓ દરરોજ બે કલાક તાલીમ મેળવી રહ્યા છે. તેની સાથે બેકિંગ તથા તલાટી મંત્રીની પરીક્ષાઓ માટે સમયાંતરે ટ્રેનીગ પ્રોગ્રામ નું આયોજન નિયમિત કરવામાં આવે છે.

બેંકિંગ બેચની પરીક્ષાઓ SBI Probationary officer તથા IBPS પરીક્ષાઓ નિયમિત આયોજીત થતી હોય છે ત્યારે વિદ્યાર્થીઓ આગવી તથા સફળતાપૂર્વક તૈયારી કરી સારૂ પરિણામ લાવી શકે તે ધ્યાન ઉપર લઇ સી.સી.ડી.સી. દ્વારા તા.૨૫-૦૪-૨૦૧૫ શનિવારથી સાંજે ૫:૦૦ થી ૭:૦૦ (દરરોજ બે કલાક) તાલીમ વર્ગનું આયોજન કરાયેલ છે. આ વર્ગમાં ભાગ લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓ એ તા.૨૩-૦૪-૨૦૧૫ સુધી તેમનું રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવાનો હોય વહેલા તે પહેલાનાં ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

આ તાલીમ વર્ગમાં Reasoning Ability, English Language, Quantitative Aptitude, General Awareness, Computer Knowledge વગેરે વિષયોનું નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ તાલીમ વર્ગોમાં જોડાવા ઇચ્છતા વિદ્યાર્થીઓ તા.૨૩-૦૪-૨૦૧૫ સુધીમાં અરજીપત્રક મેળવી અને જમા કરાવવાનું રહેશે. આ અંગેની વધુ માહિતી માટે શ્રીમતી એમ.ટી. ધમસાણીયા કોલેજ, કોટેચા ચોક, કાલાવડ રોડ, રાજકોટ ખાતે સંપર્ક કરવા યાદીમાં જણાવાયેલ છે.

પ્રતિ,
તંત્રીશ્રી,
ઉપરોકત માહિતી આપના પ્રસિદ્ધ દૈનિકમાં વિદ્યાર્થીઓના લાભાર્થે વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવા વિનંતી.
આભાર સહ,

આપનો વિશ્વાસુ,

(ડૉ. એન.એ.શાહ)

Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)